# આધારકાર્ડ મેળવવા પ્રાંતિજવાસીઓ રોજ ધરમના ધક્કા ખાય છે





(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## કલાકો સુધી લાઈનમાં ભુખ્યા તરસ્યા લોકો ઉભા રહે છે અને રોજ ૬૦ જ ટોકન અપાય છે

સરકાર દ્વારા દેશના નાગરિકોને આપવામાં આવતા આધઆરકાર્ડ મેળવવા માટે છેલ્લા ઘણા સમયથી પ્રાંતિજવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને દરરોજ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં પણ આધારકાર્ડ ન મળતા નિશાશા નાખી ખાલી હાથે ઘરે પરત જાય છે. અને તંત્રના અધિકારી આ સમગ્ર મામલે કોઈપણ કહેવા તૈયાર જ નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના ભાખરીયા બસ સ્ટોપ નજીક નગરપાલિકા ખાતે આધારકાર્ડ માટેની ઓફિસ ખોલવામાં આવી છે જેથી કરી વૃદ્ધોને આ સંદર્ભે છેક ત્રીજા માળે જવું પડે છે. જેથી ભારે પરેશાનીઓ ભોગવવી પડે છે. તો બીજી તરફ આધારકાર્ડ કચેરીમાં માત્ર એક જ કોમ્પ્યૂટર ઓપરેટર કામ કરે છે. અને દિવસ દરમિયાન માંત્ર ૬૦ જેટલા જ ટોકન આપવામાં આવે છે. અને લાંબી લાઈનમાં કલાકો સુધી ઉભા રહેવા છતા ટોકન પણ નથી મળતા. પરિણામે ચાર-ચાર ધક્કા ખાવા છતાં પણ આધારકાર્ડ નિકળતુ નથી. આથી નાગરિકો ભારે પરેશાન થઈ રહ્યા છે અને સરકારી તંત્ર આ સંદર્ભે યોગ્ય ધ્યાન આપી આધારકાર્ડ કેન્દ્રમાં બીજા કમ્પ્યૂટર ઓપરેટરને મુકાવી ઝડપી કામગીરી કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

### ખેડબ્રહ્માના ખેરોજમાં કોંગ્રેસની સદાચાર યાત્રાનું સ્વાગત

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આયોજીત સદાચાર યાત્રા બનાસકાંઠા જિલ્લામાંથી સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશતા બુધવારના રોજ ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ મુકામે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. સદાચાર યાત્રામાં જોડાયેલ પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે યાત્રામાં ભાજપ સરકારની કિસાન વિરોધી ભ્રષ્ટાચાર-વીજ કનેક્શન-ટેક્ષ વધારો ઉદ્યોગપતિઓને જમીનની લહાણી, વધતા જતા ગૌ હત્યાના બનાવો, લાખો ટન માંસની થતી હેરાફેરી વગેરે બાબતોએ લોક જાગૃતિ માટે પ્રચાર કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસના મહામંત્રી નેતાભાઈ સોલંકી, નરેશભાઈ પી. પટેલ, શહેર પ્રમુખ જીજ્ઞેશભાઈ જોષી, પાલિકામાં વિરોધપક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકી, અમીતભાઈ શર્મા, સાગરભાઈ પટેલ તથા ગોપાલભાઈ રાવલ સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# પતંગ-દોરીના ભાવમાં ધરખમ ભાવ વધારો

## અસહ્ય મોંઘવારીના કારણે પતંગ-દોરીના બજારમાં મંદીનો માહોલ

ભિલોડા,તા.૯

પતંગ-દોરીના ભાવમાં ધરખમ ભાવ વધારો અસહ્ય કાળઝાળ મોંઘવારીના કારણે પતંગ-દોરીના બજારમાં મંદીનો માહોલ સર્જાયો છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના પતંગ રસીયાઓનો આનંદ ઉત્સાહ ખોરવાયો છે. દિન-પ્રતિ-દિન મોંઘવારી વધતાં ઉત્તરાયણ પર્વના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પતંગ-દોરીના બજારોમાં મંદીનો માહોલ જોવા મળતો હતો. પતંગ રસીયાઓને અસહ્ય કાળઝાળ મોંઘવારીના કારણે ઉત્તરાયણ પર્વ નિમિત્તે મોંઘવારીનું ગ્રહણ અવશ્યપણે નડશે તેમ જાણવા મળેલ છે. પતંગ-દોરીના ભાવમાં ૨૦ થી ૨૫ ટકાનો ધરખમ ભાવ વધારો થયેલ હોવાનું વેપારીઓ ધ્વારા જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડાના વેપારી શ્રી શીવશંકર પતંગ ભંડારવાળા વિનોદભાઈ (બંટી) મેઘાણીના જણાવ્યા મુજબ પતંગ-દોરીના ભાવોમાં મોંઘવારીના કારણે કેન્દ્ર બન્યા છે પરંતુ પતંગ-દોરીના બજારમાં મંદીનો માહોલ જોવા મળેલ છે. પતંગ બજારમાં ગુજરાત રાજ્યના બોલબાલા વધુ છે. દોરી બજારમાં જયમાતાજી, સુરતની ભગવાનદાસ,અમદાવાદની તૈયાર



ધરખમ ભાવ વધારો થયેલ છે. પતંગ બજારમાં પતંગોની જાત-જાતની અવનવી વેરાયટીના પતંગો આકર્ષણનું મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને દિલ્હી રાજ્યના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ફોટાવાળા પતંગોની દોરી તેમજ યુસુફ બ્રાન્ડની બરેલી દોરીની માંગ વધુ રહેતી હોય છે.ઉત્તરાયણ પર્વ નિમિત્તે આકાશી યુધ્ધ પતંગ-દોરી મારફતે ખેલાતુ હોવાના કારણે ગળાના રક્ષણ માટે સેફ્ટી બેલ્ટ, ગોગલ્સ, પીપુડા, હાથના મોજા, ગુંદર-પટ્ટી સહિત વિવિધ પ્રકારની ચીજવસ્તુઓની માંગ વધુ રહેતી હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે દાન-પુણ્યનો અનેરો મહિમા હોવાના કારણે સેવાભાવી સંસ્થાઓ અને પ્રજાજનો દાન કરી પુણ્ય કમાઈ લેવાનો અવસર સેવાભાવી ચુકતા નથી.

સુખી થવા માટે ઉત્તરાયણના દિવસે શું કરવું જોઈએ જેનો મહિમા નીચે મુજબ છે. સુર્યનારાયણ ભગવાન નવ ગ્રહોમાં મુખ્ય સ્થાન ધરાવે છે. સંસારનો આત્મા,પિતાનો કારક ગ્રહ છે. સુર્યનારાયણ ભગવાનની પુજા, અર્ચના, આરાધના કરવાથી સુખ, શાંતિ મળે છે.સુર્યનારાયણ ભગવાનની પુજા કરવા માટે ઉત્તરાયણનો દિવસ જ્યોતિષ શાસ્ત્ર અને કર્મકાંડી ગોર મહારાજોના મતે સૌથી શ્રેષ્ઠ માનવામાં આવે છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

હિંમતનગર, તા. ૯

પ્રજાસત્તાક પર્વની રાજ્ય મહોત્સવનો પ્રારંભ દબદબાપૂર્ણ થઈ ગયો છે. પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તેની સાથે વિકાસના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામોનો પણ પ્રારંભ થઈ ગયો છે.

જે અંતર્ગત આજે તા. ૧૦મી જાન્યુઆરીના રોજ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના બાયડ, ભિલોડા, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, વડાલી, વિજયનગર અને હિંમતનગર એમ કુલ સાત તાલુકાના ગામોમાં રાજ્યના મંત્રીશ્રીઓ અને મહાનુભાવો જિલ્લાના વિવિધ ગામોમાં ફરીને વિકાસલક્ષી કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

રાજ્ય મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બન્ને જિલ્લાના લોકોને વિકાસના ફળ પ્રાપ્ત થાય તે માટે બાયડ તાલુકામાં સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ કલ્યાણ રાજ્યમંત્રીશ્રી લીલાધર વાઘેલા તથા રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરી અમીન, ભીલોડા તાલુકામા રાજ્ય ઠાકોર અને કોળી વિકાસ નિગમના ચેરમેનશ્રી પૂંજાજી ઠાકોર, ખેડબ્રહ્મા તાલુકામાં રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ અને રાજ્ય વન વિકાસ નિગમના ચેરમેનશ્રી કે.ટી. ભીલ, પ્રાંતિજ તાલુકામાં રાજ્ય હાઉસિંગ બોર્ડના ચેરમેનશ્રી વિવેકભાઈ પટેલ અને ગાંધીનગર વિકાસ સત્તામંડળના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસાર, વડાલી તાલુકામાં ગોપાલક વિકાસ નિગમના ચેરમેનશ્રી અરજણભાઈ રબારી, વિજયનગર તાલુકામાં આદિજાતિ મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોર તથા રાજ્ય એગ્રો ઈન્ડસ્ટ્રીઝ નિગમના ચેરમેનશ્રી બાબુભાઈ જેબલિયા જ્યારે હિંમતનગર તાલુકામાં સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજનાના ચેરમેનશ્રી ગણેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહી લોકાર્પણ/ખાતમુહૂર્ત કરાવશે.

## પ્રાંતિજ ખાતે સદ્ભાવના યાત્રાનું ઢોલ-નગારા સાથે સ્વાગત કરાયું

પ્રાંતિજ, તા. ૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત સદ્ભાવના યાત્રા તા. ૯મી જાન્યુઆરીના રોજ હિંમતનગર થઈ સલાલ માર્કેટયાર્ડમાં પ્રવેશતા જ પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ઢોલનગારાને આતશબાજી સાથે કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ધનસુરા કોલેજમાં રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

ધનસુરા એજ્યુકેશન સોસાયટી સંચાલિત ધી ધનસુરા પિપલ્સ કો.ઓ. બેંક લિ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા-ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો.

આ સમગ્ર રાષ્ટ્રીય પરિષદ ગુજરાતી સાહિત્યમાં રામાયણ અને મહાભારતમાં વ્યક્ત થતા ભારતીય સંસ્કૃતિના મુલ્યો ઉપર યોજાયો હતો. જેમાં હર્ષદભાઈ ત્રિવેદી, હર્ષદેવ માધવ, ડૉ. શિરીષભાઈ પંચાલ, જયદેવભાઈ શુકલ, ડૉ. રાજેશભાઈ પંડ્યા, ડૉ. દિલીપભાઈ પટેલ, ડૉ. હાસ્યાદાબેન પંડ્યા સહિતના તજજ્ઞો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત કાર્યક્રમમાં મુંબઈ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. ગૌરીબેન મહુલીદર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પરિસંવાદનું દીપ પ્રગટાવી ડૉ. શિરીષભાઈ પંચાલે ઉદ્ઘાટન કર્યું હતું જ્યારે મંડળના પ્રમુખ ધીરુભાઈ મહેતા, ડૉ. સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, વિજય પંડ્યા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ભાઈકાકાએ સૌને પ્રારબ્ધવાદી થવાને બદલે પુરુષાર્થવાદી થવાનું શીખવ્યું : પી.કે.લહેરીષ્

વલ્લભ વિદ્યાનગર, ૦૯

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર-સરદાર પટેલ યુનિવર્સિટીના આદ્યસ્થાપક પૂ. ભાઈકાકાના જીવનમાંથી પ્રારબ્ધવાદી થવાને બદલે પુરુષાર્થવાદી થવાની ડગલે ને પગલે પ્રેરણા મળે છે. ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા પ્રવીણભાઈ ક. લહેરીએ ઉમેર્યુ હતું કે કર્મ અને સેવા એ જ એમની મહત્ત્વકાંક્ષા હતી.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં વિશાળ જનમેદની સમક્ષ ૪૧મું ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાન આપતાં શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી-સચિવ શ્રી લહેરીએ કહ્યું હતું કે ઈજનેર એવા ભાઈકાકાએ વાવેલા બીજમાંથી આજે ચારુતર વિદ્યામંડળમાં તેમના સમર્થ અનુગામી એવા ડૉ.સી.એલ.પટેલના પ્રયત્નોથી આ શિક્ષણ સંકુલ વિશાળ વટવૃક્ષ બનીને દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત બન્યું છે. ભાઈકાકાના વિવિધક્ષેત્રમાં યોગદાનનું સુપેરે ઉદાહરણ સહિત બયાન કરતાં શ્રી પ્રવીણભાઈએ જણાવ્યું હતું કે નર્મદા યોજના અને ધરોઈ યોજના તેમ જ મહી યોજના એ પૂ.ભાઈકાકાના યોગદાનનાં



જીવંત ઉદાહરણો છે. સરદાર પટેલ સાથે ગાઢ નાતો ધરાવતા ભાઈકાકાએ 'બુધ્ધિ એ મૂડી છે, અનુભવ એ મૂડી છે. શ્રમ એ પણ મૂડી છે' એ ભૂમિકા પર વલ્લભ વિદ્યાનગરનો પાયો નાંખ્યો.

મંચસ્થ મહાનુભાવોમાં સમારંભના અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલ, મુખ્ય અતિથિ શ્રી પ્રવીણભાઈ લહેરી, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ તેમ જ સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ હતા. માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું .માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલે આભાર દર્શન કર્યુ હતું. સેરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈએ સંચાલન કર્યુ હતું. રમા-મનુભાઈ દેસાઈ કૉલેજ ઓફ મ્યુઝિક ઍન્ડ ડાન્સના કલાવૃંદે પ્રારંભમાં પ્રાર્થના 'જીવન અંજલિ થાજો' રજૂ કરી હતી.

એકાગ્રતા, શ્રધ્ધા અને ધીરજ એ ભાઈકાકાના ગુણો હોવાની નોંધ લેતાં લહેરીએ ઉમેર્યુ હતું કે ભાઈકાકા બહુઆયામી વ્યક્તિત્વના માલિક હતા. તેમણે ૧૯૬૨માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને રાજાજીની છત્રછાયા હેઠળ સ્વતંત્રપક્ષના માધ્યમથી ગુજરાતના મુખ્યમંત્રી થવામાં થોડાકમાં જ ચૂકી ગયા. જવાહરલાલના લાઈસન્સ-પરમિટ શાસનથી ભ્રષ્ટાચાર વ્યાપે છે એવી ભૂમિકા પર સ્વતંત્રપક્ષ આગળ વધી રહ્યો હતો અને જાહેર જીવનમાં અણીશુદ્ધ વહીવટના આગ્રહી ભાઈકાકાએ ઈજનેર તરીકે જે નિર્માણ કર્યુ તેમાં એચ.એમ.પટેલ અને સી.એલ.પટેલ જેવા અનુગામીઓના સુંદર યોગદાનથી સતત વિકાસ વધતો ગયો અને આજે વલ્લભ વિદ્યાનગર શિક્ષણનું તીર્થ બન્યું છે.

લહેરીએ છણાવટ કરતાં કહ્યું હતું : (૧) વહીવટ જેટલો ટકોરાબંધ હોય તેટલો જ સમાજનો વિકાસ શકય બને (૨) આગેવાનો પ્રામાણિક અને કર્તવ્યપાલક હોવા જોઈએ (૩) વિશ્વસનીયતા જન્માવે એવું કામ શાસકે કરવું જોઈએ (૪) ગુણવત્તાને ધોરણે જ વ્યક્તિઓની પસંદગી કરવી જોઈએ અને (૫) સરકારના વડા કે સંસ્થાના વડાની જહેમત ચારિત્ર્ય જેટલું અણીશુદ્ધ તેટલી જ સરકાર કે સંસ્થા મહેકી ઊઠે છે.

અધ્યક્ષીય ઉદ્બોધનમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ભાઈકાકાની સાથે ભીખાભાઈ સાહેબના યોગદાનને પણ સ્મરીને પોતાના પૂર્વસૂરિઓના જીવનમાંથી કેટલાંક દષ્ટાંતો આપીને તેમણે આરંભેલા શિક્ષણયજ્ઞની જયોતને પ્રજ્વલિત રાખવામાં પોતાના માનદ સાથીઓ, દાતાઓ, શિક્ષણ સંસ્થાઓના વડાઓ અને અધ્યાપકો-શિક્ષકોનો સહકાર શિક્ષણનગરીને દીપાવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. ભાઈકાકા જયારે ૧૮૦૦ રૂપિયાના પગારની સરકારી નોકરી છોડીને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જોડાયા અને તેમને ૧૮૦૦ રૂપિયાનો ચેક અપાયો ત્યારે 'અહીં ઈજનેરને ૧,૦૦૦ રૂપિયાનો પગાર અપાતો હોવાથી મને પણ ૧,૦૦૦ રૂપિયાનો ચેક આપો' એવો આગ્રહ રાખ્યો હતો તેમ જ ભીખાભાઈ સાહેબે શિક્ષકોના પગાર કરવા માટે કરમસદનું મકાન ગીરવે મૂક્યું હોવાની વાત કરી હતી. તેમણે સૌ કોઈને અપીલ કરી હતી કે આદ્યસ્થાપકોની જેમ આપણે સૌ પણ આ શિક્ષણતીર્થના વિકાસ માટે યથોચિત યોગદાન કરતા રહીએ.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન